## સરદાર સરોવર યોજના માટે કેન્દ્ર સરકાર પાસેથી ગ્રાન્ટની માંગણી

*** 15/8/1729: શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા(જમાલપુર–ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે: –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ સરદાર સરોવર યોજના માટે કેટલી રકમ, ગ્રાન્ટની માંગણી કરવામાં આવી, | (૧) | તા. ૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ સરદાર સરોવર યોજના માટે રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ અને વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન અનુક્રમે રૂ.૧૧.૭૯ કરોડ અને રૂ.૧૭.૦૧ કરોડ ગ્રાન્ટની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી, |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી, | (૨) | ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન રૂ. ૧૧.૭૬૯ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરેલ છે તથા વર્ષ ૨૦૨૫–૨૬ માં માંગણી કરેલ ગ્રાન્ટ હાલમાં મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) | તે પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને | (૩) | વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન મળેલ ગ્રાન્ટ પૈકી પુરેપુરી ગ્રાન્ટનો ખર્ચ થયેલ છે. મળેલ ગ્રાન્ટ પૈકી કોઇ રકમ વણવપરાયેલ રહેતી નથી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટની સંપૂર્ણ રકમ ન વપરાવાના કારણો શાં છે? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\-\-\-\-\-\-\-\-\-\-\-\-